જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૬/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૦૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૪૫	૭	૧૧૫૫૨	૧૭૬૬૦	૭	૧૭૬૬૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૨	૦	૯૨	૩૩૨	૦	૩૩૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૭૮૭૨	૨૫૮	૫૮૧૩૦	૫૮૪૬૧	૨૭૫	૫૮૭૩૬
કુલ		૭૪૨૧૭	૨૬૫	૭૪૪૮૨	૮૨૬૯૬	૨૮૨	૮૨૯૭૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૯	૧,૫૬,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૭૫૮	૧૭,૫૮,૦૦૦/-

લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

મોબાઇલની લુંટ કરનાર ઇસમને ગણતરીના કલાકોમાં પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ એ.જે.ચૌહાણ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં મિલ્કત સબંધી ગુન્હા શોધવા તથા બનતા ગુન્હા અટકાવવા સારૂ તેમજ આગામી રથયાત્રાના પવિત્ર તહેવાર ને લઇને પ્રોહી-જુગારની પ્રવૃતી સંદતર નિસ્ત નાબુદ કરવા સારૂ અવાર-નવાર ડ્રાઇવનુ આયોજન થઇ રહેલ હોય જેથી આવા આરોપીઓની તપાસના કામે પો.સ્ટે.વિસ્તારમાં ખાનગી વાહનોમાં ક.૧૬/૦૦ થી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૧૬/૪૫ વાગે ઠક્કરનગર ચાર રસ્તા ખાતેથી પસાર થતા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ નાઓની સંયુકત ખાનગી બાતમી હકિકત મળેલ "કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૧૦૮૯૪/૨૦૨૧ ધી.ઇ.પી.કો.કલમ-૩૯૨, ૩૯૪, મુજબના ગુન્હાના કામે મોબાઇલ ફોન ની લુંટ કરનાર કાળા-સિલ્વર કરલના એકટીવા નં-0586 નો ચાલક આરોપી ઠક્કરનગર પાણી ની ટાંકી વાળી ગલીમાં રહે છે અને તેની પાસે સદર એકટીવા છે અને તે એકટીવા ચાલક જેણે શરીરે આછા પીળા કલરનો સર્ટ તથા કાળા કલરનુ નાઇટી પહેરેલ છે અને તે નાઇટી પેન્ટના ખિસ્સામાં ઉપરોકત ગુન્હામાં લુટ કરેલ મોબાઇલ ફોન લઇને પોતાના ઘરેથી નિકળી થોડીવારમાં ચાલતો-ચાલતો ઠક્કરનગર ચાર રસ્તા ખાતે આવનાર છે " વિગેરે બાતમી આધારે સદરી જગ્યાએ સ્ટાફ તથા પંચોના માણસો સાથે વોચ તપાસ કરી સદરી જગ્યાએથી એક ઇસમને પકડી પાડી તેની અંગજડતીમાંથી ઉપરોકત ગુન્હાના કામે લુટ કરેલ વીવો વાય-૨૦ મો.ફોન કિ.રૂ.૧૨,૦૦૦/-ની મત્તાનો તેમજ ગુન્હામાં વાપરેલ એકટીવા વાહન જે શાહીબાગ પો.સ્ટે ડિટેઇન કરવામાં આવેલ હોય તે ડિટેઇન મેમો કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિ.રૂ.૧૨,૦૦૦/-નો મુદ્દામાલ પંચનામાં વિગતે કબ્જે કરી આરોપી ને ક.૧૮/૨૦ વાગે પકડી પાડી કોરોના કોવીડ-૧૯ ની સારવાર કરાવ્યા બાદ ક.૨૩/૪૦ વાગે ઉપરોકત ગુન્હાના કામે અટક કરી વધુ તપાસ જારી રાખી સારી કામગીરી કરેલ છે

આરોપીનું નામ સરનામુ:- આકાશ ઉર્ફે ચિન્ટુ સ/ઓ ગણપતભાઇ પુંજાભાઇ જાતે પટણી(ખવડાવાળા) ઉ.વ.૨૩ રહે.મ.નં-૧૧૫/૨-પાણીની ટાંકી વાળી ગલી ઠક્કરનગર પોલીસ ચોકી સામે ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર

મુદ્દામાલ:- આસમાની કલર નો વીવો વાય-૨૦ મો.ફોન IMEI NO-૮૬૮૮૯૪૦૫૧૩૨૫૫૧૯ તથા ૮૬૮૮૯૪૦૫ ૧૩૨૫૫૦૧ નો જે મો.ફોન ની કિ.રૂ.૧૨,૦૦૦/-ની મત્તાનો તથા એકટીવા વાહન નો ડિટેઇન મેમો કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિ.રૂ.૧૨,૦૦૦/-નો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સર્વેલન્સના માણસો અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ બ.નં-૭૫૫૫ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૭૦૭૮ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ તથા લોકરક્ષક જયપાલસિંહ નરેન્દ્રસિંહ બ.નં-૧૨૬૫૦ તથા બીજા સ્ટાફના માણસો

આરોપીનો ફોટો



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પી.સી.બી. :

સોલા પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેણાક મકાનમા જુગાર રમતા ૩ ઈસમોને કુલ્લે રૂપિયા ૧,૪૦,૫૦૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.”

મે.ડી.જી.પી.શ્રી ગુ.રા. તરફથી આપવામા આવેલ પ્રોહી/જુગાર ડ્રાઈવ અનુસંધાને મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સુચના આપેલ જે અનુસંધાને પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૨૦.૬.૨૦૨૧ ના રોજ સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ તથા અહેકો શૈલેષભાઈ દેવાભાઈ તથા અન્ય સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફના હે.કો.મુકેશભાઈ રામાભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે પકડાયેલ આરોપી હિતેષ શ્યામજીભાઈ પ્રજાપતિના કબ્જા ભોગવટાવાળા મકાન ન.૧૧૨, રામ બલરામનગર સોસાયટી, ચાંદલોડીયા ઓવરબ્રીજ પાસે, ચાંદલોડીયા અમદાવાદ શહેર ખાતે પંચો સાથે રેઈડ કરી કુલ્લે ૩ આરોપીઓને નાણાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૧,૦૫,૫૦૦/- તથા જુગારના સાધનો મળી કુલ્લે રૂ.૧,૪૦,૫૦૦/- ના મુદામાલ સાથે પકડી લઈ તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી સોલા પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૪૫૨૧૧૦૮૬/૨૦૨૧ જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :

(૧)હિતેષ શ્યામજીભાઈ પ્રજાપતિના કબ્જા ભોગવટાવાળા મકાન ન.૧૧૨, રામ બલરામનગર સોસાયટી, ચાંદલોડીયા ઓવરબ્રીજ પાસે, ચાંદલોડીયા અમદાવાદ શહેર

(૨) દર્શન ઘનશ્યામભાઈ અનુવાડીયા રહે.મ.ન.૧૦૪/બી, વીરબાબા પાર્ક જગતપુર રોડ જગતપુર રોડ ચાંદલોડીયા, અમદાવાદ શહેર

(૩) કલ્પેશ ભલાભાઈ ઠાકોર રહે. ઘ.ન.૪ રામબલરામનગર સોસાયટી, ચાંલોડીયા ઓવરબ્રીજ, અમદાવાદ

ગુનાની જગ્યા : ઘ.ન.૧૧૨, રામ બલરામનગર સોસાયટી, ચાંદલોડીયા ઓવરબ્રીજ પાસે, ચાંદલોડીયા અમદાવાદ શહેર

પકડાયેલ મુદામાલ : (૧) રોકડા નાંણા રૂ.૧,૦૫,૫૦૦/- (૨) મોબાઇલ ફોન નંગ-૦૨ કિંમત રૂ.૩૫,૦૦૦/- (૩) ગંજીફાના પાના નંગ-૫૨ કિંમત રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિ.રૂ.૧,૪૦,૫૦૦/- નો મુદામાલ



પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

પ્રોહિબિશન સબંધીત અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ બે ઇસમોને ખાસ જેલ પાલરા ભુજ તથા રાજકોટ જેલ ખાતે પાસા અટકાયતી તરીકે મોકલી આપતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધરે અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રોહિબિશનની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા ચુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સશ્રી એસ.એ.ગોહિલ નાઓને પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટે માં પ્રોહિબિશન સબંધે દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરતા પાસા અટકાયતી (૧) સંપતલાલ મોહનલાલ જાતે મેવાડા ઉ.વ.૨૮ રહે.ગામ.કાલીયા કા તલાવ પો.સ્ટ.કુકડા થાના ભીમ જી.રાજસ્થાન રાજય તથા (૨) તારૂસિંગ રૂપસિંગ જાતે રાવત ઉ.વ.૨૫ રહે. રહે.ગામ.કાલીયા કા તલાવ પો.સ્ટ.કુકડા થાના ભીમ જી.રાજસ્થાન રાજય નાઓ વિરૂદ્ધમાં તેની પ્રોહિબિશન સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી પાસા અટકાયતી નં. (૧) વિરૂદ્ધ પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/ ૪૧૩/૨૦૨૧ તા.૧૯/૦૬/૨૦૨૧ તથા પાસા અટકાયતી નં. (૨) વિરૂદ્ધ પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/ ૪૧૪/૨૦૨૧ તા.૧૯/૦૬/૨૦૨૧ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર બંન્ને પાસા અટાકયતીને તાત્કાલિક પકડી પાડી આજરોજ તા.૨૦À૦૬À૨૦૨૧ પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે ખાસ જેલ પાલરા ભુજ તથા રાજકોટ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશન દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

પાસા અટકાયતીઓનું નામ સરનામુ

સંપતલાલ મોહનલાલ જાતે મેવાડા ઉ.વ.૨૮ રહે.ગામ.કાલીયા કા તલાવ પો.સ્ટ.કુકડા થાના ભીમ જી.રાજસ્થાન રાજય

તારૂસિંગ રૂપસિંગ જાતે રાવત ઉ.વ.૨૫ રહે. રહે.ગામ.કાલીયા કા તલાવ પો.સ્ટ.કુકડા થાના ભીમ જી.રાજસ્થાન રાજય

પાસા અટકાયતી વિરૂદ્ધ દાખલ થયેલ ગુનાઓની વિગત

નારોલ પો.સ્ટે પાર્ટ સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૧૦૬૬૦/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ),૧૧૬(બી),૯૮(૨),૮૧ મુજબના કામે હકિકત એવી છે કે સદરી પાસા અટકાયતી પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારુની ૭૫૦ મીલીની કાચની સીલબંધ બોટલ કુલ ૪૪૪ કિં.રૂ.૧,૭૭,૬૦૦/- તથા ભારતીય બનાવટના વિદેશી દારુના ૧૮૦ મીલીના પુંઠાના સીલબંધ પાઉચ નંગ–૨૨૮ કિં.રૂ. ૨૦,૫૨૦/-તથા કોથળા ઓમાં ભરેલ લોખંડના સ્ક્રેપની બિલ મુજબ કિં.રૂ. ૧૧,૬૩,૮૮૦/- તથા મોબાઈલ ફોન નંગ – ૦૨ કિં.રૂ.૬૫૦૦/- તથા રોકડા નાણા રૂ. ૮૨૦/- તથા અશોક લેલેન્ડ કંપનીના દશ ટાયરવાળા ટ્રકની આશરે કિં.રૂ.૭,૦૦,૦૦૦/- તથા અસલ ડેબીટકાર્ડ, બિલો તથા આર.સી.બુકની નકલ તથા ગાડીના અન્ય કાગળોની નકલો જે તમામની કિં.રૂ. ૦૦/૦૦ ગણી કુલ્લે કિં.રૂ. ૨૦,૬૯,૩૨૦/- ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરેલ

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓ

એસ..એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
અ.હે.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.લો.ર. મુકેશ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૦૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૭ કેસ કરી, ૭૬ વ્યક્તિઓને ઝડપી, ૧૮૫ લીટર દેશી દારૂ, ૫૫૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૯ બીયરટીન, ૦૧ મોટર સાયકલ, ૦૧ રીક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૧,૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૦૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૧૦૮/૨૦૨૧**

ચાંદખેડાઃ કિશનસિહ રમેશસિહ વાઘેલા (રહે.કે.પી.ભાગ દરબારવાસ ચાંદખેડા ગામ, ચાંદખેડા) એ તા.૨૦/૦૬/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૬/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૧૮/૬/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા બસ સ્ટેન્ડ પાસે આવેલ રત્નેશ એલિગંસ કોમ્પલેક્ષ મા "સિકોતર ફાયનાન્સ" નામની ઓફિસ સામે પાર્ક કરેલ પોતાની મારૂતી ઈક્કો ગાડી નંબર જીજે ૦૧ એચવાય ૪૮૩૩ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

ત્રીજા માળેથી પડી જતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૧૦૯/૨૦૨૧**

ચાંદખેડાઃ ચાંદખેડા જગતપુર "સેવન્થ બ્લીઝ" નામની નવી બનતી સાઈટ ઉપર રહેતા અને ત્યાંજ કામ કરતા અર્જુન કાવાભાઈ મીણા (ઉ.વ.૨૧) (મુળ વતન ગામ-માંગવાડા તા-ખેરવાડા જી-ઉદયપુર રાજસ્થાન) તા.૨૦/૦૬/૨૦૨૧ સાજના ૬/૪૦ વાગ્યાના સુમારે સાઇટ ઉપર ત્રીજા માળે સેન્ટીંગનુ કામ કરતા હતા ત્યારે લપસી જતા નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રભાઇ ભગવાનરાવ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૧૧૦/૨૦૨૧**

ગોમતીપુરઃ જયેશકુમાર લક્ષ્મણપ્રસાદ જૈન (ઉ.વ.૩૩) (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ, રાયપુર મીલની બાજુમાં, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૬/૨૦૨૧ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમની છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ શંકરભાઇ ચલાવે છે.

વટવાઃ સહેજાદ નજીરહુસૈન મલેક (ઉ.વ.૨૮)(રહે.શ્યામાપ્રસાદ મુખર્જીનગર ચાર માળીયા, વટવા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૬/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ ગીંબાભાઇ ચલાવે છે.

દાણીલીમડાઃ તસ્લીમબાનુ વા/ઓ મોહસીનખાન પઠાણ (ઉ.વ.૨૫)(રહે.જમનાદાસ પટેલની ચાલી, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૬/૨૦૨૧ સાજના ૭/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી